દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૧૭ નવેમ્બર, ૨૦૨૬

મૃત્યુદંડ હોવો જોઈએ કે નહીં?

મોતની સજાની નાબૂદીની વાતો લાંબા સમયથી ચાલતી આવી છે. મૃત્યુદંડ હોવો જોઇએ કે નહીં તે બાબતે વિશ્વના દેશોમાં મતભેદ છે અને હાલમાં યુએનની સામાન્ય સભામાં પસાર થયેલા એક ઠરાવ પછી આ ચર્ચાને ફરી વેગ મળ્યો છે. ૧૯૩ સભ્યોની બનેલી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ શુક્રવારે મેક્સિકો દ્વારા રજૂ કરાયેલા 'મૃત્યુદંડના ઉપયોગ પર રોક' અંગેના પ્રસ્તાવને રેકોર્ડેડ વોટ દ્વારા પસાર કર્યો હતો, જેમાં પ્રસ્તાવની તરફેણમાં ૧૩૩ મત, વિરોધમાં ૩૩ મત પડ્યા હતા અને ૧૬ દેશો મતદાનથી અળગા રહ્યા હતા. ભારતની સાથે બહેરીન, ચીન, ઇજિપ્ત, ઈરાન, ઇરાક, જાપાન, કુવૈત, માલદીવ, ઓમાન, પાકિસ્તાન, કતાર, સાઉદી અરેબિયા અને અમેરિકાએ આ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું.

ભારતે આ ઠરાવનો વિરોધ કરતા જણાવ્યું હતું કે મૃત્યુદંડની વિરુદ્ધમાં કોઈ સાર્વત્રિક વૈશ્વિક સર્વસંમતિ નથી, યોગ્ય કાનૂની પ્રક્રિયા દ્વારા આપવામાં આવે તો નાગરિક અને રાજકીય અધિકારો પરના આંતરરાષ્ટ્રીય કરારની કલમ 6 હેઠળ મૃત્યુદંડ માન્ય છે, અને ભારતમાં તેનો ઉપયોગ ફક્ત જવલ્લેમાં જવલ્લે જ બનતા કેસો પૂરતો જ મર્યાદિત છે. ભારતે સાર્વભૌમ રાષ્ટ્રોના પોતાની કાનૂની અને દંડ પ્રણાલી નક્કી કરવાના અધિકારો પર ભાર મૂકતા સુધારાઓને પણ સમર્થન આપ્યું હતું. અમેરિકાએ પણ આ ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. તેમણે ન્યાયી સુનાવણીની ખાતરી પર ભાર મૂકવાની સાથે જણાવ્યું હતું કે મૃત્યુદંડ અંગેના નિર્ણયો વૈશ્વિક આદેશોને બદલે સ્થાનિક લોકશાહી અને બંધારણીય પ્રક્રિયાઓ દ્વારા લેવા જોઈએ. આ બાબતમાં ભારત અને અમેરિકાની દલીલો યોગ્ય જણાય છે, સજાની માત્રા અને પ્રકારો વિવિધ દેશો પોતે નક્કી કરી શકે છે, જો કે અમાનુષી જણાતી સજા કોઇ દેશોમાં કરવામાં આવતી હોય તો તેની સામે વૈશ્વિક સમુદાય અવાજ ઉઠાવી શકે છે અને ઉઠાવે જ છે. ખાસ કરીને મોટા ભાગના યુરોપિયન દેશો આ ઠરાવની તરફેણ કરે છે. ફ્રાન્સ અને યુરોપિયન યુનિયનના અન્ય સભ્યો જેવા મૃત્યુદંડ નાબૂદીના સમર્થક દેશોએ બહુમતીથી આ ઠરાવ પસાર થવાને સાર્વત્રિક નાબૂદી તરફના એક મહત્વપૂર્ણ પગલા તરીકે આવકાર્યો હતો. ડિસેમ્બર 2007માં ઠરાવ 62/149 થી શરૂ કરીને, સંયુક્ત રાષ્ટ્રો(UN) દર બે વર્ષે સમયાંતરે આવા બિન-બંધનકર્તા સ્થગિતતા ઠરાવો પર મતદાન કરે છે.

માનવાધિકાર માટેના ઉચ્ચાયુક્તનું કાર્યાલય વૈશ્વિક ઘોરણો પર નજર રાખે છે, જેમાં મૃત્યુદંડ નાબૂદીના હેતુથી ICCPRના બીજા વૈકલ્પિક પ્રોટોકોલનો સમાવેશ થાય છે.

આ પ્રસ્તાવમાં મૃત્યુદંડના સતત અમલ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર યોગ્ય કાયદાકીય સજા નક્કી કરવા સહિત પોતાની આગવી કાયદાકીય પ્રણાલી વિકસાવવાના તમામ દેશોના અધિકારની પુષ્ટિ કરવામાં આવી હતી. તેમાં તમામ દેશોને મૃત્યુદંડ નાબૂદ કરવાના દૃષ્ટિકોણ સાથે ફાંસીની સજા પર રોક લગાવવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, જે દેશોએ મૃત્યુદંડ નાબૂદ કરી દીધો છે તેમને તે ફરીથી લાગુ ન કરવા પણ અપીલ કરવામાં આવી હતી. પ્રસ્તાવમાં એ વાત પર ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે મૃત્યુદંડના ઉપયોગને મર્યાદિત કરવાના વૈશ્વિક વલણ છતાં, ૨૦૨૫માં ફાંસીની સજાઓમાં નોંધપાત્ર વધારો થયો હતો. પ્રસ્તાવમાં તમામ દેશોને મૃત્યુદંડના ઉપયોગને ક્રમશ: મર્યાદિત કરવા અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ દ્વારા કરાયેલા ગુનાઓ માટે, અથવા ગુનો કરતી વખતે જેમની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવાનું ચોક્કસપણે નક્કી કરી શકાય તેમ ન હોય તેવા કિસ્સાઓમાં મૃત્યુદંડ ન આપવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું. તેમાં સગર્ભા સ્ત્રીઓ, માનસિક અથવા બૌદ્ધિક દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમજ વૃદ્ધ વ્યક્તિઓ પર મૃત્યુદંડનો ઉપયોગ મર્યાદિત કરવા અને ફરજિયાત મૃત્યુદંડની જોગવાઈ દૂર કરવા સહિત જે ગુનાઓ માટે મૃત્યુદંડ આપી શકાય છે તેની સંખ્યા ઘટાડવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો હતો. ભારત, પાકિસ્તાન જેવા દેશોમાં દેહાંત દંડ જવલ્લે જ બનતા કેસોમાં આપવામાં આવે છે જ્યારે ચીન, સાઉદી અરેબિયા, ઉત્તર કોરિયા જેવા દેશોમાં મૃત્યુદંડનું પ્રમાણ ઉંચુ રહ્યું છે. આમ તો પ્રાચીન કાળથી દેહાંત દંડની પ્રથા ચાલતી આવી છે અને પ્રાચીન સમયથી જ તેને બહુ સારી પણ માનવામાં આવતી નથી, અને બને ત્યાં સુધી આ સજા ટાળવા પર ભાર મૂકવામાં આવતો રહ્યો છે. મૃત્યુ દંડનો આદેશ લખ્યા બાદ ન્યાયાધીશો પોતાની કલમ તોડી નાખે છે તે બાબત આ સજાને બહુ ઇચ્છનીય માનવામાં આવતી નથી તે સૂચવે છે. જો મૃત્યુદંડ નહીં હોય તો જઘન્ય અપરાધો કરનારાઓ પર ધાક નહીં રહે તેવી દલીલ તેના તરફેણકારો કરે છે તો વિરોધકર્તાઓ કહે છે કે આ સજાનો કોઇ ધાક નથી અને જઘન્ય અપરાધો તો થતા જ રહે છે. લાગે છે કે આ ચર્ચા ચાલતી જ રહેશે અને મૃત્યુદંડ બાબતે કદાચ ક્યારેય સર્વસંમતિ નહીં સધાય.

પ્રશ્નોના જવાબ મેળવવાની જીદ



એક યુવાન ઝેન સાધક પોતાના જીવનથી કંટાળી ગયો હતો. તેને લાગતું કે તે જેટલું શીખે છે, એટલા નવા પ્રશ્નો ઊભા થાય છે. તેણે પોતાના ઝેન ગુરુને પોતાના મનની વાત કરી. ઝેન ગુરુએ તેને હિમાલય પર્વતની તળેટીમાં રહેતા પોતાના ગુરુજી પાસે મોકલ્યો. યુવાને ગુરુના ગુરુજી પાસે જઈને પૂછ્યું, ''મને શાંતિ જોઈએ છે. મનને શાંત કરવાની કોઈ એક રીત બતાવો.'' વૃદ્ધ ઝેન માસ્ટર તેને પર્વત પર લઈ ગયા. આખો રસ્તો તેઓ મૌન રહ્યા. શિખર પાસે પહોંચીને સાધુએ સામેની ખીણ બતાવી. નીચે નદી વહેતી હતી, પવન વૃક્ષોમાંથી પસાર થતો હતો અને દૂર એક પક્ષી વારંવાર પાંખો ફફડાવતું હતું. ''આ બધામાંથી તને શું સાંભળાય છે?'' વૃદ્ધ ઝેન ગુરુએ યુવાનને પૂછ્યું. યુવાન ધીમેથી બોલ્યો, ''મને આ પવન, નદી અને પક્ષીનો અવાજ બધું જ સંભળાય છે પણ ...''

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

વૃદ્ધ ઝેન ગુરુએ યુવાનને આગળ પૂછ્યું, ''પણ... એટલે તારા મનમાં શું ચાલે છે?'' યુવાને જવાબ આપ્યો, ''હું વિચારી રહ્યો છું કે તમે મને શાંતિ વિશે ક્યારે જણાવશો કે કેવી રીતે શાંતિ મળે તે ક્યારે શીખવશો.'' વૃદ્ધ ઝેનગુરુ હસ્યા. ''તને લાગે છે કે શાંતિ કોઈ એવી વસ્તુ છે જે હું તને આપીશ. પણ તું અહીં પણ જવાબની રાહ જોતો રહ્યો અને આસપાસ જે છે તે સાંભળ્યું જ નહીં.માણ્યું નહીં...'' યુવાનને થોડું ખોટું લાગ્યું. ''તો શું પ્રશ્નો પૂછવા જ નહીં?'' વૃદ્ધ ઝેન ગુરુ ફરી હસ્યા અને બોલ્યા, ''માઠું ન લગાડ, પ્રશ્ન પૂછ. જે મનમાં ઊઠે તે બધા જ પ્રશ્નો ચોક્કસ પૂછ .....પરંતુ દરેક પ્રશ્નનો જવાબ તરત જ મેળવવાની જીદ ન રાખ. કેટલીક સમજ અનુભવથી આવે છે, કેટલીક સમયની સાથે અને કેટલીક મનના સ્વીકારથી.'' બંને થોડો સમય ત્યાં બેઠા રહ્યા. યુવાને પહેલી વાર પોતાના વિચારોને રોકવાનો પ્રયાસ ન કર્યો. તે ફક્ત તેમને આવતા-જતા જોતો રહ્યો. મનમાં પ્રશ્નો આવ્યા. તેને પૂછ્યા પણ બધાના જવાબ તરત ન માંગ્યા. થોડો વખત વૃદ્ધ ઝેન ગુરુ સાથે રહીને તે પોતા આશ્રમ પાછો આવ્યો.પાછા ફરતી વખતે તેને જીવનની બધી સમસ્યાઓના જવાબ મળી ગયા નહોતા. પરંતુ હવે દરેક પ્રશ્ન તેને સતાવતો નહોતો. આશ્રમમાં ઝેન ગુરુએ પૂછ્યું, ''મળી શાંતિ મારા ગુરુજીને મળીને? શું તેમણે શીખવ્યું કે શાંતિ કઈ રીતે મળે?'' યુવાને જવાબ આપતાં પોતાના ગુરુને કહ્યું, '' મને શાંતિનું સૂત્ર મળ્યું નથી. મને એટલું સમજાયું છે કે દરેક ક્ષણે સૂત્ર શોધવું પણ અશાંતિનું એક કારણ બની શકે છે.'' યુવાનને ઝેન ગુરુજીએ જીવનની અમૂલ્ય સમજ આપી.

ફોટા અને રીલ્સની ભીડમાં સંસ્કૃતિ ક્યાં ખોવાઈ?

પ્રવાસે જવાનું નામ પડે એટલે પહેલાં મનમાં સ્થળની સુંદરતા, ત્યાંનું વાતાવરણ અને નવી જગ્યાઓ જોવાનો ઉત્સાહ જાગતો હતો. હવે પ્રવાસનું આયોજન થાય તે પહેલાં મોબાઈલની ગેલેરીમાં કેટલા ફોટા આવશે અને ઈન્સ્ટાગ્રામ પર કેટલી રીલ્સ બનાવાશે તેની તૈયારી શરૂ થઈ જાય છે. પ્રવાસમાં શું જોયું તેના કરતાં શું પોસ્ટ કર્યું તે વધુ મહત્ત્વનું બની ગયું છે. કોઈ પહાડ પર જાય તો પહાડની સુંદરતા માણવાને બદલે તેની ધાર પર ઊભા રહીને ફોટો પડાવવામાં વ્યસ્ત રહે છે. દરિયાકિનારે જાય તો મોજાંનો અવાજ સાંભળવાને બદલે વીડિયો માટે બેકગ્રાઉન્ડ મ્યુઝિક શોધે છે. જાણે પ્રવાસનો હેતુ સ્થળને માણવાનો નહીં, પરંતુ દુનિયાને બતાવવાનો બની ગયો છે! સોશિયલ મીડિયાએ પ્રવાસનને નવી ઊંચાઈ આપી છે. એક સુંદર રીલ આખા સ્થળને રાતોરાત લોકપ્રિય બનાવી શકે છે. પરિણામે અજાણ્યાં ગામડાં, શાંત દરિયાકિનારા, પહાડી વિસ્તારો અને ઐતિહાસિક સ્થળોએ પણ પ્રવાસીઓની ભીડ ઉમટવા લાગી છે. આજે કોઈ પ્રવાસી કચ્છ જાય તો ત્યાંનું ભરતકામ, લોકસંગીત, પરંપરાગત પહેરવેશ અને સ્થાનિક જીવનશૈલી જાણવાની તક મળે છે. પરંતુ ઘણી વાર પ્રવાસીનું ધ્યાન સ્થાનિક કળા કરતાં ફોટો માટેના આકર્ષક સેટઅપ પર વધુ હોય છે. કોઈ પરંપરાગત પોશાક પહેરીને ફોટો પડાવે છે, પરંતુ તેની પાછળની સંસ્કૃતિ વિશે જાણવાની તસ્દી લેતો નથી. લોકનૃત્ય રજૂ થાય ત્યારે કલાકારોની કળા માણવાને બદલે મોબાઈલમાં આખો કાર્યક્રમ કેદ કરવાની હોડ ચાલે છે. કળા અનુભવવાની વસ્તુ હતી, હવે ક્યારેક માત્ર કન્ટેન્ટ બની રહી છે.

સ્થાનિક ખાણીપીણીની સ્થિતિ પણ કંઈક આવી જ છે. પ્રવાસનો એક મોટો આનંદ ત્યાંની પરંપરાગત વાનગીઓનો સ્વાદ માણવામાં છે. કચ્છમાં દાબેલી, કાઠિયાવાડી વિસ્તારમાં રોટલો-રીંગણનો ઓળો, સૌરાષ્ટ્રમાં ગાંઠિયા અને ગુજરાતનાં અલગ અલગ વિસ્તારોની આગવી વાનગીઓ પ્રવાસની યાદોને સ્વાદિષ્ટ બનાવે છે. છતાં પ્રવાસન સ્થળોએ હવે પિઝા, બર્ગર, પાસ્તા અને ચાઈનીઝ વાનગીઓનું આકર્ષણ વધી રહ્યું છે. પરિણામે સ્થળ બદલાય છે, પરંતુ ખાવાનો સ્વાદ જાણે એકસરખો જ રહે છે. પછી પ્રવાસીને સ્થાનિક સંસ્કૃતિનો અનુભવ કેવી રીતે થશે?

આધુનિક પ્રવાસનનો એક મોટો વિરોધાભાસ એ છે કે પ્રવાસીઓની સંખ્યા વધે છે, પરંતુ સ્થળની શાંતિ ઘટે છે. કુદરતી સૌંદર્ય માણવા ગયેલા લોકો જોરથી સંગીત વગાડે છે, પ્લાસ્ટિકની બોટલો અને ખાદ્યપદાર્થોના પેકેટ ફેંકે છે, ઐતિહાસિક સ્મારકોની દીવાલો પર પોતાનાં નામ લખે છે. જે સ્થળની સુંદરતા જોવા ગયા હોય તેને જ નુકસાન પહોંચાડે છે. કેટલાક લોકો માટે પ્રવાસનું સૌથી મોટું આકર્ષણ ત્યાંનો સેલ્ફી પોઇન્ટ હોય છે. સ્થળની જાળવણી જાણે કોઈ બીજાની જવાબદારી હોય તેમ વર્તન થાય છે. બીજી તરફ, પરંપરાગત વ્યવસાયો ચલાવતા નાના કારીગરો મોટા વ્યવસાયકારો સામે ટકી શકતા નથી. કચ્છનું ભરતકામ હોય, પટોળાં હોય કે માટીકામ, મશીનથી બનેલી સસ્તી નકલ બજારમાં આવે ત્યારે મૂળ કારીગરની મહેનતનું મૂલ્ય ઘટે છે.

આ સ્થિતિ બદલવા માટે માત્ર પ્રવાસીઓને સંસ્કૃતિનું જતન કરવાની અપીલ કરવાથી કામ નહીં ચાલે. સૌથી પહેલાં દરેક મોટા પ્રવાસન સ્થળે સ્થાનિક કારીગરો માટે અલગ અને સુવ્યવસ્થિત હસ્તકલા બજાર ઊભું કરવું જોઈએ. ત્યાં મશીનથી બનેલી નકલને હસ્તકલા તરીકે વેચાતી અટકાવવા માટે પ્રમાણિત સ્થાનિક ઉત્પાદનોની ઓળખ હોવી જોઈએ. પ્રવાસન વિભાગે સ્થાનિક કલાકારો, લોકગાયકો અને પરંપરાગત કળાના જાણકારોને પ્રવાસન કાર્યક્રમોમાં સીધી તક આપવી જોઈએ, જેથી તેમની આવક પણ વધે અને કળા પણ જીવંત રહે. બીજું, દરેક પ્રવાસન સ્થળે સ્થાનિક ખાણીપીણીને પ્રોત્સાહન આપતું ફૂડ ઝોન બનાવી શકાય. સ્થાનિક વાનગીનું નામ, તેની બનાવટ અને તેની સાથે જોડાયેલી પરંપરાની ટૂંકી માહિતી પણ દર્શાવી શકાય. આથી પ્રવાસી માત્ર પેટ નહીં ભરે, પરંતુ સ્થળના સ્વાદ અને સંસ્કૃતિનો પરિચય પણ મેળવશે. હોટેલ અને રેસ્ટોરાંને સ્થાનિક વાનગીઓ માટે વિશેષ સ્થાન આપવા પ્રોત્સાહિત કરવાં જોઈએ.

સ્થાનિક લોકોને રોજગારી મળે, વેપાર વધે અને વિસ્તારનો વિકાસ થાય તે જરૂરી છે, પરંતુ આ દોડમાં જે સ્થળની પોતાની આગવી ઓળખ છે તે જ ધીમે ધીમે બદલાઈ જાય તો વિકાસનો આનંદ અધૂરો રહે છે

ત્રીજું, પ્રવાસીઓની સંખ્યા સ્થળની ક્ષમતા કરતાં વધી જાય ત્યાં પ્રવેશ માટે ઓનલાઈન સમય આધારિત બુકિંગ અને દૈનિક મર્યાદા નક્કી કરવી જોઈએ. સંવેદનશીલ કુદરતી સ્થળો અને ઐતિહાસિક સ્મારકોમાં કચરો ફેંકવા, દિવાલો પર લખવા અને પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશવા સામે તાત્કાલિક દંડની વ્યવસ્થા હોવી જોઈએ. દરેક સ્થળે પૂરતી કચરાપેટી, જાહેર શૌચાલય, પીવાના પાણીની સુવિધા અને પાર્કિંગની વ્યવસ્થા પણ હોવી જરૂરી છે. નિયમો માત્ર બોર્ડ પર લખેલા ન રહે, તેનો અમલ પણ થવો જોઈએ.

ચોથું, સ્થાનિક શાળાઓ, ગ્રામ પંચાયતો અને પ્રવાસન વિભાગ સાથે મળીને સ્થાનિક સંસ્કૃતિની ડિજિટલ નોંધ તૈયાર કરી શકાય. જૂનાં લોકગીતો, બોલીઓ, વાનગીઓ, તહેવારો, હસ્તકલા અને પરંપરાગત વ્યવસાયોના વીડિયો તથા માહિતી સંગ્રહિત કરવામાં આવે તો આવનારી પેઢી માટે આ વારસો સાચવી શકાય. સ્થાનિક યુવાનોને માર્ગદર્શક તરીકે તાલીમ આપીને રોજગારીની તક પણ ઊભી કરી શકાય. આમ પ્રવાસનથી માત્ર મોટા ઉદ્યોગોને નહીં, સ્થાનિક સમાજને પણ સીધો લાભ મળશે. સૌથી મહત્ત્વની જવાબદારી પ્રવાસીઓની છે. કોઈ સ્થળે જઈને એક ફોટો પડાવવો ખોટું નથી, પરંતુ ત્યાંના લોકોની સંમતિ વિના તેમના ફોટા કે વીડિયો બનાવવા, ધાર્મિક સ્થળોની મર્યાદા ન જાળવવી કે કચરો ફેંકવો યોગ્ય નથી. પ્રવાસીઓએ પણ પ્રવાસના બજેટમાં સ્થાનિક કારીગરની વસ્તુ ખરીદવા, સ્થાનિક વાનગી માણવા અને સ્થાનિક માર્ગદર્શકની સેવા લેવા માટે થોડો ખર્ચ રાખવો જોઈએ. આ નાનકડાં પગલાંથી સ્થાનિક અર્થતંત્રને મોટો ટેકો મળી શકે છે.

આખરે પ્રવાસનો સાચો આનંદ માત્ર ફોટાની સંખ્યામાં નથી હોતો. કોઈ ગામની ગલીમાં મળેલી નિખાલસ સ્મિત, સ્થાનિક વાનગીનો અનોખો સ્વાદ, કારીગરના હાથની કળા અને ત્યાંના લોકો પાસેથી સાંભળેલી કોઈ જૂની વાત પ્રવાસને યાદગાર બનાવે છે. દરેક સ્થળને એકસરખી હોટેલો, રેસ્ટોરાં અને શોપિંગ મોલથી ભરી દઈશું તો તેની આગવી ઓળખ ક્યાં રહેશે? ફોટો અને રીલ્સ થોડા દિવસમાં જૂનાં થઈ જાય છે, પરંતુ સંસ્કૃતિ સાથે જોડાયેલી યાદો જીવનભર તાજી રહે છે.

બટાકાની બોલબાલા ને બટાકાના ટેસડા...!

વર્ષ બદલાય, સંવત બદલાય, મહિના બદલાય, દિવસ બદલાય, ચોઘડિયાં બદલાય, રાશિ બદલાય, પણ માનવીનાં લખ્ખણ અને સ્વભાવ નહીં બદલાય! આમાં વાઈફ અપવાદ છે. ચોઘડિયાં સારાં હોય કે ખરાબ, વાઈફ સાથે માથાઝીંક નહીં કરવાની. તેલ લેવા ગયા ચોઘડિયાં! જેવી મળી તેવી સાચવી રાખવાની. કુંવારાને એક માટે ફાંફાં પડે, તો પરણેલાએ ઢળતી ઉંમરે, જે મળી છે એને સાચવી રાખવાની! પાકટ ઉંમરે બહુ પલાખા નહીં કાઢવાના! શું કહો છો રતનજી?

એની જાતને ચમનીયાની કીચકીચથી કંટાળીને પિયરમાં પલાયન થયેલી ચંચીને પિયરવાસ સ્વીકાર્યાને આ સાતમું વર્ષ ચાલે છે. કુંડળીમાં એવું કુંડાળું આવ્યું કે ચમનીયો સાત વર્ષથી એકલો ચુલ્હામાં ફૂંકણી ફૂંકે છે. તમને ખબર તો છે કે ચમનીયો એટલે રાશિ-ચોઘડિયામાં ભારે શ્રદ્ધાળુ! ખાવાનું પણ શુભ ચોઘડિયામાં જ બનાવે. ભારતીય જ્યોતિષશાસ્ત્રના મહર્ષિ પરાશર અને ભૃગુનો વારસદાર હોય તેવો! એ તો સારું છે કે એના હાથની વાત ન હતી, નહીં તો કાળી ચૌદશને બદલે લાભ પાંચમે જ જન્મ લીધો હોત. અમુક કારભાર ભગવાનના હાથમાં છે, એટલું સારું.!

વિચાર આવે કે આ રાશિ-ચોઘડિયાની હકૂમત માત્ર માણસજાત ઉપર જ ચાલતી હશે કે? પશુ, પંખી, જળચર, સ્થળચર કે વનસ્પતિઓનાં રાશિભવિષ્ય કેમ કોઈ ભવિષ્યવેત્તા લખતા નથી? કાગડાએ શનિવારે દક્ષિણ દિશામાં જવું નહીં કે કૂતરાએ મંગળવારે ભસવું નહીં, ચકલીએ તુલા રાશિના ઘરે માળો બાંધવો નહીં કે સિંહે સોળ સોમવાર કરવા વગેરે! એમને શું મંગળ-બુધ-ગુરુ-શુક્ર-શનિ કે રાહુની અસરો વર્તાતી નથી? સજીવ તો એ પણ છે ને? આ અસર વનસ્પતિને પણ લાગુ પડવી જોઈએ. હજારો વર્ષથી બટાકા ચલણમાં છે, એને તો કંઈ નડતું જ નથી. માણસને જ નડે! ખાવા બેસે ત્યારે અમુકને ભીંડા નડે, પાપડી નડે, રીંગણ નડે, કારેલાં નડે, કોઈને કઠોળ નડે! અમારા ચમનીયાને બારેમાસ બટાકા નડે. મને કહે, 'રમચાં!' ('રમેશચંદ્ર મગનલાલ ચાંપાનેરી'નું શોર્ટ ફોર્મ!) તને મરચાં તો લાગશે, પણ મને કોઈ એક કલાક માટે પણ વડાપ્રધાન બનાવે તો આ બટાકાને દેશનિકાલ કરી દઉં! સાલું, જ્યાં પણ જમવા જાવ ત્યાં થાળીમાં બટાકો તો આવે જ!

'મારા એકના એક સાસરે હું પહેલીવાર ગયેલો અને સાસરે રોકાવાની સપ્તાહ માંડેલી. સાસુએ છ દિવસ સુધી તો કોઈને કોઈ શાક સાથે બટાકા ખવડાવ્યા. પછી કહેવું પડ્યું કે, 'બા! આજે બટાકાનું શાક નહીં બનાવતાં. બટાકા ક્યાં મૂક્યા છે તે બતાવી દો. આ બટાકા હવે કેર વરતાવે છે! મારું પેટ એરબેગ જેવું થઈ ગયું. મારી કુંડળીમાં લખ્યું છે_૧૮મી સદીના અંતમાં વોરેન હેસ્ટિંગ્સના સમયમાં બંગાળમાં બટાકાની પ્રથમ ખેતી શરૂ થયેલી અને એ યુરોપનો મુખ્ય ખોરાક બની ગયો. શાકભાજીનો સમ્રાટ બની ગયો. પ્રદેશ પ્રમાણે જેમ દેવ-દેવીઓ જુદાં નામે ઓળખાય, એમ બટાકો પણ અલગ નામે ઓળખાય. ફ્રાન્સમાં પોમ દ તેર (Pomme de terre) એટલે કે 'જમીનનાં સફરજન', જર્મનીમાં કાર્ટોફેલ (Kartoffel), ચીનમાં તુદૌ (Tdu), સ્પેનમાં પાપા (Papa) અને ભારતમાં પટેટો, બટાકો, બટાકી, આલુ તથા સંસ્કૃતમાં આલુકમ તરીકે ઓળખાય. જો કે, આપણે બટાકા ઉપર પીએચડી કરવી નથી. પણ આ તો એક વાત! કોઈ ગામના પ્રવાસે નીકળ્યા પછી કોઈ અંગત સ્નેહીનું ઘર રસ્તામાં આવતું હોય તો ટકોરા કરતા જઈએ, એ પ્રમાણે તમારી થોડીક ઐતિહાસિક પજવણી કરીને ખેંચી!

કપાળમાં કાંદા ફોડું, મિલનસાર પણ એવો કે કોઈપણ શાકભાજી સાથે સેટ થઈ જાય. સર્વધર્મ સમભાવ જેવો. રસોડાનો 'કોમન ફ્રેન્ડ' એટલે બટાકો! રીંગણ, સારું છે કે શાકભાજીની જમાતમાં ચૂંટણીની પ્રથા નથી, નહીં તો 'બટાકું' વડાપ્રધાનનો આજીવન ઉમેદવાર હોત! રાજકારણમાં પક્ષાંતરનાં આટાપાટા રમે છે, એમણે 'બટાકા' પાસેથી ઘણું શીખવા જેવું છે મામૂ! બટાકાને ગુરુ બનાવવા જેવો!

'ક્રાઉડ ડાઈનિંગ'નો મુખ્ય મહેમાન એટલે બટાકો! બટાકા વગરની વાનગી



મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

કુંવારાને એક માટે ફાંફાં પડે, તો પરણેલાએ ઢળતી ઉંમરે, જે મળી છે એને સાચવી રાખવાની! પાકટ ઉંમરે બહુ પલાખા નહીં કાઢવાના! શું કહો છો રતનજી?

એટલે વરરાજા વગરની જાન! જે પોતાની જાતને બીજાના 'ટેસડા' માટે વિલોપન કરીને સામેવાળાનો 'ટેસડો' જાળવે એનું નામ બટાકો! ભાગ્યે જ કોઈનો દિવસ બટાકો ખાધા વગર ખાંડો થયો હોય! બટાકો નિર્મોહી છે, નિરાભિમાની છે, 'સર્વગુણ સંપન્ન' છે. કોઈ પૃથ્વીસ્થ એવો ના હોય કે જેણે બટાકાને ઉલાળ્યો ના હોય! એ બેડોળ છે, દુંદાળો છે, છતાં એના વગર ફરસાણ નહીં ઝામે, નાસ્તો નહીં ઝામે, ને વાનગી પણ નહીં ઝામે! એને છોલો, બાફો, કાપો કે તળો, 'પટેટા કો કોઈ ફરક નહીં પડતા! બાકી ભીંડો હજી અળખામણો ખરો. ભીંડો ક્યારે ભીંડો કાઢે એ નક્કી નહીં! આ ભીંડો કેમ અળખામણો થયો એની ખબર છે? એની પણ લવસ્ટોરી છે. જે લોકો રૂપ-રંગની છાંટ જોઈને તવાઈ જતા હોય, એમણે ખાસ જાણવા જેવું. આ વાતની માત્ર મને જ ખબર છે, ગૂગલ પણ જાણતું નથી!

ભીંડી પતલી-લાંબી-હરિયાળી ને માથે હેટવાળી, એટલે એકવાર બટાકાને પણ ભીંડી સાથે લવ થયેલો. લાગણીઓ જ્યારે બેફામ બને ત્યારે બુદ્ધિ ઉપર ખંભાતી તાળું લાગી જાય, એવું બટાકાનું થયેલું. એકવાર ભરબજારમાં બટાકાએ ભીંડી સામે હાથમાં ભાજીનો ઝૂડો લઈને પ્રપોઝ કરેલું કે, "ડાર્લિંગ ભીંડી. I LOVE YOU.!" પણ રૂપની અહંકારી ભીંડીએ ભાજીનો ઝૂડો ગાયને ખવડાવીને બટાકાને ધુત્કારી કાઢેલો. 'યુનોનસેન્સ પપેટા? મને પ્રપોઝ કરવાની તારી હિંમત કેમ ચાલી? તું ફૂલેલા ફાળકા જેવો ને હું નમણી નાજુક નાર! તું બટકો બરછટ ને મારી ઊંચી ખાંધ? અરીસામાં જો. તારી એરબેગ જેવી તો ફાંદ!' ત્યારથી ભીંડી સાથે બટાકાના સંબંધ વણસેલા! હડધૂત થયેલો બટાકો નિરાશ તો થયો, પણ જતાં જતાં ભીંડીને કહેતો ગયેલો કે, 'તું નહીં તો ઔર સહી, ઔર નહીં તો ઔર સહી! મેથીની ભાજી સાથે લફરું કરીશ, પણ તારી સાથે કોઈ શાકભાજીને સંબંધ રાખવા નહીં દઉં!

ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ એમ આજે બેડોળ બટાકો કોબીઝ સાથે ચાલે, પાલક સાથે ચાલે, સેવ-ટામેટાં સાથે ચાલે. કોઈપણ પ્રકારની ભાજી સાથે ચાલે, બટાકા પૂરી સાથે ચાલે, પાઉં ભાજી સાથે ચાલે, ગુવાર સાથે ચાલે, કારેલાં સાથે ચાલે, ને સીમલા મરચાં સાથે પણ ચાલે, પણ ભીંડી સાથે કોઈ નહીં ચાલે! ભીંડો એકલો જ ચાલે!

લાસ્ટ બોલ

બેટા! તારા પરિણામ પત્રકમાં
આટલા બધા મીંડા કેમ?
પપ્પા! એ ગોળ મીંડા નથી,
મારા ટીચરને બટાકા બહુ ભાવે
ને, એટલે એમણે મારા પેપરમાં
બટાકા દોર્યા છે.
તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આઝાદીનો અમૃતકાળ અને ગુજરાતનો ભૂખમરો

વિશ્વના દેશોએ હંગર ઈન્ડેક્સ પ્રકાશિત કર્યો. ભક્તો ગૌરવભેર કહે છે કે આપણો તો ૧૦૦મો નંબર છે! હાસ્યાસ્પદ લાગે છે! અને વળી આશ્વાસન લેતાં લેતાં કહે છે કે આપણા કરતાં ૨૬ દેશોમાં ભૂખમરો વધારે છે. ૯૯ દેશ ભારત કરતાં ભલે ખાધે-પીધે સુખી હોય, ભલે ૧૦૦મા નંબરે આપણે છીએ, પણ આપણા કરતાં ૨૬ દેશો તો પાછળ છે ને! આ સ્થિતિને સિદ્ધિ કહેનારાઓ શું માનસિક કે વૈચારિક રીતે દેવાળિયા થઈ ગયા છે કે પછી વિકટ પરિસ્થિતિની નગ્ન વાસ્તવિકતા સ્વીકારવા નથી માગતા? શું ૮૦ કરોડની વસ્તીને સસ્તું અનાજ આપવાની નોબત પેદા કરનારો દેશ વિકસિત ભારતની પરિકલ્પના તરફ પ્રગતિ કરે છે કે અધોગતિ? વિક્રમ સંવતના આ નૂતન વર્ષાભિનંદન નિમિત્તે વિચારવું રહ્યું. ગુજરાતની કુલ વસ્તી સાત કરોડ ૩૫ લાખ છે, જેમાંથી ત્રણ કરોડ ૩૫ લાખ લોકો નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ એટલે કે સસ્તા અને મફત અનાજના લાભાર્થી છે. એટલે કે આશરે ૪૭ ટકા ગુજરાતની પ્રજા આઝાદીના અમૃત મહોત્સવમાં સરકારનું સસ્તું, મફત અને સબસિડીવાળું અનાજ ખાઈને શ્વાસ લે છે. આ સ્થિતિને સિદ્ધિ ગણાવનાર મારી દૃષ્ટિએ માનસિક રીતે દેવાળિયા છે.

નવસારી - રાજન જોશી

બાળપણમાં હિંસક વૃત્તિ કેમ વધી રહી છે?

આજકાલ બાળકોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતું જોવા મળે છે. તાજેતરમાં હરિયાણાના પંચકુલામાં ધોરણ 3ના એક વિદ્યાર્થીએ કેજીમાં ભણતી બાળકીને માર મારવાની ઘટના સમાજ માટે ચિંતાજનક છે. સવાલ એ છે કે નાની ઉંમરે બાળકોમાં આટલી હિંસક વૃત્તિ કેમ પેદા થઈ રહી છે? આનાં અનેક કારણો હોઈ શકે છે. બાળકો મોબાઇલ અને ટીવી પર ઘણો સમય વિતાવે છે, પરંતુ તેઓ શું જુએ છે તેના પર માતા-પિતાનું પૂરતું ધ્યાન હોતું નથી.